# પાણી દિવસે દિવસે મોંઘુ થતું જાય છે

પાણીમાં જુદા જુદા ક્ષારો ભળવાથી તે અલગ અલગ રૂપ ધારણ કરે છે. તેમાં અનિષ્ટ તત્ત્વો અને પદાર્થો પણ ભળેલા હોય છે. ક્ષાર અને તત્ત્વોવાળું પાણી ખૂબ સારપ હોય છે, પણ તેનું સારાપણું અને ખરાબપણું તેમાં ક્યાં તત્ત્વો ભળેલાં છે તેના પર નિર્ભર છે. સખત પાણી અને નરમ પાણી એમ બે પ્રકારનાં પાણી પણ હોય છે. સખત પાણીમાં કપડાં ધોવાનું અઘરું પડે છે. તેમાં પછી સોડાએશ નાખીને તેને નરમ બનાવવામાં આવે છે.

જે જમીનમાંથી પાણી નીકળે છે તેના પર પાણીના પ્રકારનો આધાર રહે છે. ત્રીજા-ચોથા વરસાદથી વરસાદનું પાણી જો સીધું એકઠું કરવામાં આવે તો તે શુદ્ધ હોય છે. પ્રથમ કે દ્વિતીય વરસાદના પાણીમાં વાયુમંડળની પૂરા વર્ષની અશુદ્ધિ ભળેલી હોય છે. પાણી ભાંભરું, ખારું કે નાળિયેરના પાણી જેવું મીઠું પણ હોય છે. નાળિયેરની અંદર કુદરતે મીઠું પાણી ભરી દીધું છે તે શુદ્ધ જ હોય.

બધાં જ પ્રવાહીઓમાં પાણી સૌથી વધારે તત્ત્વો ઓગાળે છે. તેથી જ પાણી પ્રવાહીમાં રાજા ગણાય. માનવીને કદાચ એકાદ-બે દિવસ કે અઠવાડિયું ખાધા વગર ચાલે, પણ પાણી વગર ન ચાલે. અહીં અમે જૈન મુનિમહારાજની વાત નથી કરતાં કે બીજા એવા મહાત્માઓની



**વિજ્ઞાન જગત**

**ડૉ. જે.જે. રાવલ**

વાત નથી કરતાં. હવા, પાણી અને ખોરાક એકબીજાં સાથે ગાઢ રીતે જોડાયેલાં છે, આમ તો તે એકનાં એક જ છે.

પાણીની ઉપયોગિતા કેટલી છે તે ત્યારે જ ખબર પડે કે આપણે ઉનાળામાં બપોરે જમ્યા પછી રણમાં પ્રવાસ કરવા નીકળીએ ત્યારે જે આપણને તરસ લાગે અને પાણી ન મળે ત્યારે પાણીના એક પ્યાલા માટે આપણે આપણી પાસેનો હીરા (મણિ) આપી દેવા તૈયાર થઈ જઈએ. પાણીની કિંમત એ છે.

ખાધા પછી કે નાસ્તો કર્યા પછી આપણે ગમે તેનાથી હાથ લૂછીએ, પણ જ્યાં સુધી પાણીથી હાથ ન ધોઈએ ત્યાં સુધી આપણને શુદ્ધિ લાગતી નથી. જાતજાતની મીઠાઈઓ જોઈને આપણા મોઢામાં પણ પાણી જ આવે છે ને? પાણી ન હોય તો લોહી જાડું થઈ જાય. તે માનવીને મુશ્કેલીમાં મૂકી દે.

આપણે આબોહવાવાળા પ્રદેશમાં રહીએ છીએ. જેને ઉષ્ણકટિબંધ (ટ્રોપિકલ રીજન વાયુમંડળનો સમઘાત પ્રદેશ) કહે છે. અહીં વર્ષાઋતુમાં વરસાદ પડે છે અને સર્વત્ર પાણી પાણી થઈ જાય છે. નદીઓમાં ઘોડાપૂર આવે છે અને તે પાણીથી છલકાય છે અને છેવટે બધું પાણી મહાસાગરમાં વહી જાય છે અને પાણી તેનો ઉપયોગ ગુમાવી બેસે છે. એકાદ વર્ષ જો વરસાદ ન આવે તો નદીઓ તો સૂકી થઈ જાય છે કે કૃષ થઈ જાય છે અને આપણા ૧૨ વાગી જાય છે. આવી પરિસ્થિતિમાં પાણી તો નથી મળતું, પણ ખોરાક પણ મોંઘો થઈ જાય છે. કારણ કે ખેતીવાડી તો પાણી જ કરે છે. જળાશયો અને કૂવા સુકાઈ જાય છે. આપણને પાણીની તંગી નડે છે. માટે આપણે પાણીને ઘીની જેમ વાપરવું જોઈએ. પાણી ઘી કરતાં પણ જીવન માટે વધારે મહત્ત્વનું છે. તેનો સંગ્રહ કરી રાખવો જોઈએ. આપણને પાણી મફત કે લગભગ મફત મળતું હોવાથી



તેનો ખૂબ જ વ્યય કરીએ છીએ. જ્યાં અડધો લિટર પાણીની જરૂર હોય ત્યાં બે લિટર પાણી વાપરીએ છીએ. ઘણા તો બાથરૂમમાં કલાક સુધી નહાય છે અને પાણીનો વેડફાટ કરે છે.

પાણી દિવસે દિવસે મોંઘું થતું જવાનું છે. પેટ્રોલની જેમ જ તે વેચાશે, કદાચ તેનાથી પણ વધારે કિંમતે વેચાશે. આ વખતે લોકોને પાણીની કિંમત સમજાશે. રાજસ્થાનમાં લોકોને પાણીની કિંમત સમજાય છે. પૃથ્વી પર વસતિ વધતી જાય છે અને પાણીનાં જળાશયોની સંખ્યા ઓછી પડે છે માટે પાણીનો સંગ્રહ કેવી રીતે કરવો તે હાલના સમયની માગ છે.

પાણીનો એક સુંદર અને ઉપયોગી ગુણ એ છે કે શુદ્ધ પાણી સારી રીતે સાચવી રાખવામાં આવે તો તે મહિનાઓ, વર્ષો સુધી તો શું પણ દાયકાઓ સુધી બગડતું નથી. તેમાં અશુદ્ધિ ભળે તો જ તે પીવા માટે લાયક રહેતું નથી. માટે એમ નહીં સમજવું કે પાણી બગડી જાય છે. ભૂતકાળમાં આપણે કલ્પ્યું પણ નહોતું કે સ્ટેશન પર આપણે પાણી વેચાતું લેવું પડશે. ભૂતકાળમાં પાણી વેચવાનો વિચાર પાપ ગણાતો અને પ્રથમ જેણે પાણી વેચવાની ફેક્ટરી ખોલી તેને લોકો પાપી ગણતા, જાણે કે ગાયનું માંસ વેચતા હોય. પણ આજે એ બધા કારખાનાના માલિકો આશીર્વાદરૂપ નીકળ્યા છે. ગંગાના પવિત્ર અને ઉમદા પાણીને આપણે ગંદુ કર્યું છે. ધર્મ અને મોક્ષ મેળવવા ગંગાના પાણીમાં અસ્થિ પધરાવવામાં આવે છે. ફૂલો, કપડાં વગેરે નાખવામાં આવે છે અને પૂરાં કે અડધાં બળેલાં મડદાં પણ નાખવામાં આવે છે.

આપણે કોઈના ઘરે જઈએ તો સૌપ્રથમ આપણને પાણીનો પ્યાલો જ આપે. એ પાણી નથી પણ અમૃત છે. શતાબ્દી કે રાજધાની જેવી ટ્રેનોમાં દરેકને પાણીની બોટલો આપવામાં આવે છે. ઘણા લોકો તેમાંથી અડધું પાણી પી બોટલ છોડીને ટ્રેનમાંથી ઊતરી જાય છે. પાણીની અડધી બોટલને ભારરૂપ માની સાથે લઈ જતા નથી. પાણી જેવો કીમતી સામાન કે વસ્તુ એકેય નથી. આ પાણીનો બગાડ છે, પણ તેમને કોણ કહે? મોરારિબાપુની કથામાં કે રમેશભાઈ ઓઝાની કથામાં કે જ્યાં વિનામૂલ્યે ભોજન મળતું હોય ત્યાં થાળીમાં અનાજ પડતું મૂકીએ તો તે પરાણે ખવડાવે, ત્યારે જ આપણને અનાજ અને પાણીની ખરી કિંમત સમજાય છે.

(ક્રમશઃ)